# ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

# સાબરકાંઠા - અરવલ્લી




હિંમતનગર । મોડાસા । બાયડ । ભીલોડા । ખેડબ્રહ્મા । તલોદ । શામળાજી । પ્રાંતિજ । ધનસુરા । પોશીના । હરસોલ । ઈડર । વિજયનગર । માલપુર । મેઘરજ । વડાલી । ખંભીસર

### મા કાર્ડ અંગે સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

## હવે PHC અને CHC હોસ્પીટલમાંથી કાઢી શકાશેની જાહેરાત.. પણ હજુ કામગીરી શરૂ ન થતા લોકોને ધરમધક્કા

મા કાર્ડને લઈને રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. માં કાર્ડ કાઢી આપતી એજન્સીઓમાં મા કાર્ડની નોંધણીની અને કાર્ડ રીન્યુ કરી આપવાની કામગીરી જૂન મહિનાથી બંધ કરવામાં આવી છે માં કાર્ડની નોંધણી કરતી એજન્સી રદ કરવામાં આવી છે રાજ્ય સરકારે મા કાર્ડની તમામ કામગીરી માટે સરકારી હોસ્પિટલ,સામૂહિક, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાંથી કરવાનો નિર્ણય કર્યો છે પરંતુ હજુ સુધી માં કાર્ડ કાઢવાની કે રીન્યુ કરવાની કામગીરી શરૂ ન થતા લોકોને આરોગ્યલક્ષી સેવાઓ થી વંચીત રહેવાનો વારો આવ્યો છે જીલ્લામાં મા કાર્ડ બનાવવાની કામગીરી છેલ્લાં ૧૫ દિવસથી બંધ કરી દેવામાં આવી છે તેના કારણે લોકોએ ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે.

મા અમૃતમ કાર્ડ કાઢવાની કામગીરી બંધ કરાતાં જરૂરતમંદો અટવાઈ ગયા છે અને બંધ સેન્ટરોની મુલાકાત લઈ લઈ સીનીયર સીટીઝનોથી માંડી અન્ય લોકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવતાં ફરી એકવાર રાજય આરોગ્ય વિભાગની કામગીરી સામે જ વસાલો ઉઠયા છે. જયારે જિલ્લામાં આ અમૃતમ કાર્ડ કાઢવાની કામગીરી સત્વરે,સમયસર શરૂ થાય અને જરૂરીયાતવાળાઓને આરોગ્ય વિષયક સેવાઓ લાભ મળી રહે તેવી માંગ ઉઠી છે.

કોરોનાની બીજી લહેરમાં તો કોરોના સામેના જંગમાં જરૂરી દવા,ઈન્જેકશનો અને છેલ્લે ઓકસીજનની પણ ભારે તંગી વર્તાતા અસુવિધાથી પણ કેટલાક દર્દીઓને શ્વાસનું સંકટ સર્જાતાં દમ તોડયો હતો.આ બધી જ પરેશાનીઓ,વ્યથા અને પીડામાં રાહત રૂપ સરકારી યોજના હેઠળનું મા અમૃતમ કાર્ડ આર્શીવાદરૂપ નીવડી રહયું હતું. પરંતુ




છેલ્લા એક અઠવાડીયાથી અરવલ્લી જિલ્લાના છ તાલુકાઓ પૈકી પાંચ તાલુકામાં મા કાર્ડ કાઢવાની કામગીરી જ બંધ કરી દેવાતાં જરૂરતમંદોને ધરમધક્કા ખાવાનો વારો આવી રહયો છે. મોડાસાના સીનીયર સીટીઝન જયરાજભાઈ ત્રિવેદી અને તેમના પત્નિને જરૂરી મા અમૃતમ કાર્ડ મેળવવા મોડાસા ખાતેના સબ સેન્ટર ઉપર ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. આવા તો કેટલાય જરૂરતમંદો ને કાર્ડ મેળવવા હાડમારી વેઠવાનો વારો આવ્યો હતો.આ પ્રકરણે જિલ્લા આરોગ્ય વિભાગમાં તપાસ કરતાં હાલ મા અમૃતમ કાર્ડ કાઢવાની કામગીરી જેમને આપી હતી.તેવા સેન્ટરો અઠવાડીયાથી બંધ કરાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહીતી પ્રપ્ત થઈ હતી

આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, અરવલ્લી જીલ્લાની સરકારી હોસ્પીટલ,પીએચસી અને સીએચસીમાં પોગ્રામ ઓફીસેર સ્ટેટ ગર્વમેન્ટ તરફથી જરૂરી આઈડી પાસવર્ડ ફાળવવામાં આવશે ત્યાર બાદ જિલ્લાના નિધારીત સામુહિક આરોગ્ય કેન્દ્રો ઉપર થી જ મા અમૃતમ કાર્ડ ઈસ્યુ કરાશે. જિલ્લાના પાંચ તાલુકામાં જરૂરી આઈડી પાસવર્ડ વગર કાર્ડ કામગીરી અટવાઈ ગઈ છે. ત્યારે રાજય આરોગ્ય તંત્ર સત્વરે આ પાસવર્ડ ફાળવે અને જરૂરતમંદો માટે આર્શીવાદ રૂપ આયોજનાનો લાભ પહોંચાડે તેવી માંગ ઉઠી છે.

## બોર્ડનો ચૂંટણી જંગ : સંચાલક વિભાગના ઉમેદવાર નારણભાઈ પટેલ અરવલ્લીની મુલાકાતે

### શાળા સંચાલકોના તમામ પ્રશ્નોનું સરકાર સાથે બેસી નિરાકરણ લાવ્યાનો દાવો, આચાર્યોની ભરતી સંચાલક મંડળને અનુકુળ..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ ગુજરાત માધ્યમિક, ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગરની મુલત્વી રહેલી ચૂંટણી સંભવિત રીતે ઑગષ્ટમાં યોજાવવાની છે. કોરોનાનું સંક્રમણ



હળવું થતાં ઉમેદવારોએ પ્રચાર કાર્ય આરંભ્યું છે. શાળા સંચાલક સંવર્ગ-૮ ના માન્ય ઉમેદવાર નારણભાઈ માવજીભાઈ પટેલ (પ્રમુખ : અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ) ગુરૂવારે અરવલ્લીની મુલાકાતે હતા. મોડાસા હાઈસ્કુલના કેમ્પસમાં કેટલાક સંચાલકો સાથે તેઓએ મુલાકાત લઈ સંવાદ કર્યો હતો જેમાં શાળા સંચાલકોના તમામ પ્રશ્નોનું સરકાર સાથે બેસીને સુખદ નિરાકરણ લાવ્યાનો દાવો કર્યો હતો. આચાર્યોની ભરતીમાં પણ સંચાલક મંડળને અનુકુળ હોય તેવા જ ઉમેદવારની પસંદગી થાય તે રીતે ભરતી પ્રક્રિયા શરૂ થઈ છે તેમ જણાવ્યું હતું.

બોર્ડમાં બોર્ડ સભ્યનું આગવું મહત્વ હોય છે. સરકાર દ્વારા બોર્ડમાં પણ વિવિધ સંવર્ગના પ્રતિનિધિઓની સંખ્યા ઘટે તેવા પ્રયાસમાં સફળ રહી ર૬માંથી માત્ર ૯ બેઠકો કરાતાં વિવિધ સંવર્ગમાં ઉમેદવારો..ઉમેદવારો વચ્ચે ગળાકાપ સ્પર્ધા શરૂ થઈ છે. ઉમેદવારીપત્રો રજૂ થયા અને ચકાસણી પછી ચૂંટણી જંગ જામવાનો હતો પરંતુ કોરોનાની બીજી લહેરના કારણે બોર્ડ દ્વારા ચૂંટણી મુલત્વી રાખવાનો નિર્ણય જાહેર કરાયો. ગુજરાત હવે અનલૉક થયું છે. ત્યારે સંભવિત રીતે ઑગષ્ટમાં માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી યોજાવવાની છે. અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળની પાર્લામેન્ટ્રી બોર્ડ દ્વારા સંચાલક સંવર્ગમાં સર્વમાન્ય ઉમેદવાર તરીકે નારણભાઈ પટેલના નામની જાહેરાત પછી તેમને વિજયી બનાવવા માટે દરેક જિલ્લાઓમાં સંચાલકોએ પ્રચાર શરૂ કર્યો છે. તા.૧૭ના રોજ અરવલ્લીની મુલાકાત દરમ્યાન ગ્રાન્ટેડ વર્ગ વધારો, શાળા નિભાવ ગ્રાન્ટ, સેવક, કલાર્ક, કોમ્પ્યુટર શિક્ષકની ભરતી, ખાલી રહેલી આચાર્યની ભરતી મુદ્દે શાળા સંચાલકોના અનેક પ્રશ્નોના તેઓએ જવાબ આપ્યા હતા. ઉપસ્થિત શાળા સંચાલકોએ તેઓ બોર્ડ ચૂંટણીમાં વિજયી મેળવે તેવી શુભેચ્છા પાઠવી હતી. અરવલ્લી જિલ્લા શાળા સંચાલક મંડળના અધ્યક્ષ બિપીનભાઈ શાહ, મહામંત્રી પ્રવિણ એમ. પટેલ, રાજ્ય વહીવટી કર્મચારી સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ પી. પટેલ, અખિલ ગુજરાત રાજ્ય શાળા સંચાલક મંડળના મુખપત્ર જ્ઞાન સરીતાના મુખ્ય સંપાદક કે. એન. બુટાણી, પાર્લામેન્ટ્રી બોર્ડના સભ્ય બી.એમ.પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આરંભે જિલ્લા શાળા સંચાલક મંડળના અધ્યક્ષ અને ઉત્તર ઝોન ઉપપ્રમુખ બિપીનભાઈ શાહે સૌને આવકાર્યા હતા તેમજ નારણભાઈ પટેલની અરવલ્લી મુલાકાતનો હેતુ જણાવ્યો હતો.

## ગરીબોને પડતા ઉપર પાટું : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કેરોસીનના ભાવમાં તોતિંગ વધારો

### ૧ વર્ષ અગાઉ ૧૫ રૂા.મળતું કેરોસીન ૪૧ રૂા. સુધી પહોંચ્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાથી દેકારો મચતાં વાહન ચાલકોની હાલત કફોડી બની છે ત્યાં હવે ગરીબોને વધતી જતી મોંઘવારીમાં પડતા ઉપર પાટુનો ઘા પડ્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગરીબોની હાલત ખાદ્ય ચીજવસ્તુઓના ભાવ વધારાથી કફોડી છે ત્યાં હવે કેરોસીનના ભાવમાં અઢી ગણો વધારો થઈ જતાં દેકારો મચ્યો છે. ૧ વર્ષ અગાઉ રૂા.૧૫ ના ભાવે લીટર મળતું કેરોસીન હવે રૂા.૪૧ ના ભાવે પહોંચતાં ગરીબ વર્ગની કમર તૂટવા લાગી છે.

મોંઘવારી રાજાની કુંવરીની જેમ રાત-દિવસ વધી રહી છે. ખાદ્ય ચીજવસ્તુઓ તેમજ જીવન આવશ્યક ચીજવસ્તુઓમાં ભાવ સતત વધી રહ્યા છે જેના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારનું જીવન અત્યંત મુશ્કેલ બની ગયું છે. જિલ્લામાં સરકારી સસ્તા અનાજની દુકાનોમાંથી બી.પી.એલ. કાર્ડધારકોને મળવાપાત્ર કેરોસીનના પ્રતિલીટરના ભાવમાં છેલ્લા કેટલાક સમયથી અસહ્ય વધારો થયો છે. સસ્તા અનાજની દુકાનોમાંથી કાર્ડધારકોને આપવામાં આવતા કેરોસીનના ભાવ પ્રતિલીટર રૂા.૪૧ સુધી પહોંચ્યો છે. કેરોસીનમાં પણ ભાવ નિયંત્રણ બહાર જઈ રહ્યા છે જેથી ગરીબ બી.પી.એલ. રેશનકાર્ડ ધારકો સમસમી ઉઠ્યા છે. ગ્રામ્ય વિસ્તારના ગરીબ વર્ગના પરિવારો માટે આજે પણ કેરોસીન ઘર વપરાશનું ઈંધણ ગણાતું હોય છે. એક તરફ પેટ્રોલ અને ડીઝલની સાથે ખાદ્ય તેલના ભાવમાં અસહ્ય વધારો થયો છે ત્યાં હવે ગરીબોનું ઈંધણ ગણાતા કેરોસીનમાં પણ ભાવ વધારો થતાં ચણભણાટ શરૂ થયો છે. ૧ વર્ષ અગાઉ ૧૫ રૂા. લીટર મળતું કેરોસીન રૂા.૪૧ના ભાવ સુધી પહોંચતાં કાળઝાળ મોંઘવારીમાં ગરીબોને વધુ એક ફટકો પડ્યો હોય તેવો ઘાટ ઘડાયો છે.

### વિજ કંપનીની હિટલરશાહી

## હઠીપુરાના ખેડૂતના ખેતરમાં વાવેલાં સાગનાં વૃક્ષ કાપી નાખ્યાં

### ૬ લાખનું નુકસાન કરતાં સરકાર તેમજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ બાયડ તાલુકાના હઠીપુરાના ખેડૂત કાન્તિભાઈ મથુરભાઈ પટેલના ખેતરના શેઢા ઉપર વાવેલા ૬૦ જેટલા સાગ આડેધડ વિજ કંપનીના કર્મચારીઓ દ્વારા કાપી નાખી રૂા.૬ લાખનું નુકસાન કરતાં સમસમી ગયેલા ખેડૂતે રાજ્ય સરકાર તેમજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી મધ્ય ગુજરાત વિજ કંપનીના કર્મચારીઓ સામે પગલાં ભરવા માંગ કરી છે.

છેલ્લા કેટલાય સમયથી સાઠંબા યુ.જી.વી.સી.એલ. અને વિરપુર એમ.જી.વી.સી.એલ.ની કામગીરીને લઈને ખેડૂતો તેમજ પ્રજામાં આક્રોશ જોવા મળતો હોય છે. પ્રિ-મોન્સૂન એક્શન પ્લાન હેઠળ વિજ વિભાગ દ્વારા કામગીરી શરૂ કરવામાં આવી છે ત્યારે કોઈપણ ખાનગી માલિકીની જમીનમાં વિજ કંપનીને નડતરરૂપ વૃક્ષ હટાવવાનાં હોય કે તેની



ડાળીઓ કાપવાની હોય તો અગાઉ ખેડૂતોને જણાવવાનું હોય છે અને પછી કામગીરી કરવાની હોય છે પરંતુ તાજેતરમાં મધ્ય ગુજરાત વિજ કંપની વિરપુરના કર્મચારીઓએ બાયડ તાલુકાના હઠીપુરા ગામના સીમાડામાં પટેલ પરિવારના ખેતરના શેઢા ઉપરના ૬૦ જેટલા સાગના ઝાડ આડેધડ કાપીને રીતસરનો આતંક મચાવી દીધો. ખેડૂત ખેતરમાં આવ્યા ત્યારે ૫ વર્ષથી સાગ ઉછેરીને માવજત કરી હતી તે સાગના વૃક્ષની અવદશા જોઈ રીતસરના રડી પડ્યા હતા. આ અંગે વિજ કંપનીમાં જઈને રજૂઆત કરતાં યોગ્ય જવાબ આપવાના બદલે આ તો વિરપુર એમ.જી.વી.સી.એલ.ના કર્મચારીઓએ ૧૧ કે.વી. વિજલાઈન ઉભી કરવા વૃક્ષો કાપ્યાનું જાણવા મળતાં ત્યાં પણ રજૂઆત કરી પરંતુ ખેડૂતને સાંત્વના આપવાના બદલે કોઈ યોગ્ય જવાબ ન મળતાં ખેડૂત પરિવાર સમસમી ઉઠ્યો છે અને લીલાછમ સાગના વૃક્ષનું ગેરકાયદે નિકંદન કાઢનારા મધ્ય ગુજરાત વિજ કંપનીના કર્મચારીઓ સામે ફોજદારી કાર્યવાહી કરવા સરકાર અને પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવામાં આવી છે.

## સાબરકાંઠાના એ.એસ.આઈ.નું માર્ગ અકસ્માતમાં મોત, પોલીસ બેડામાં શોક છવાયો...

બાયડ / હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૧૭ હિંમતનગર મહિલા પોલીસ મથકના એ.એસ.આઈ. જયદીપસિંહ રહેવરનું માર્ગ અકસ્માતમાં મોત નિપજતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના પોલીસ બેડામાં શોક છવાયો છે.



દિવસ હોય કે રાત હંમેશાં લોકોને મદદ કરવાનો હકારાત્મક અભિગમના કારણે પોલીસ પ્રજાનો મિત્ર છે તે સૂત્રને વર્ષોથી સાર્થક કરનાર જયદીપસિંહ રહેવરે અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના અનેક પોલીસ સ્ટેશનમાં રાઈટર સહિતની કામગીરી નિષ્ઠાપૂર્વક કરી છે. તા.૧૭ના રોજ પોતાની ખાનગી કાર લઈને તેઓ નિકોડા ગામના સીમાડામાંથી પસાર થઈ રહ્યા ત્યારે કાર ડીવાઈડર સાથે ટકરાઈ પડતાં ગંભીર ઈજાના કારણે તેમનું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યું હતું. એ.એસ.આઈ. જયદીપસિંહ રહેવરનું માર્ગ અકસ્માતમાં મોત નિપજ્યાના દુ:ખદ સમાચાર વાયુવેગે જિલ્લામાં ફરી વળતાં અનેક પોલીસ કર્મીઓ અને પોલીસ અધિકારીઓની આંખમાં આંસુ જોવા મળ્યા. એ.એસ.આઈ.ના નિધનથી રણાસણ ગામમાં માતમ છવાયો હતો.

## કોરોના સામે સતર્કતા : અરવલ્લીમાં ૧ લાખ લોકોને કોરોના રસીકરણ

### છ તાલુકામાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને રસીકરણ હેઠળ આવરી લેવાનું અભિયાન શરૂ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ કોરોનાની ત્રીજી લહેર ઘાતક હશે તેવી દહેશત વચ્ચે જિલ્લા



આરોગ્ય તંત્રના સફળ પ્રયાસથી ૪૫ થી ૫૯ વર્ષના ૧,૦૭,૨૭૩ લોકોને કોરોના રસીકરણ હેઠળ આવરી લેવાયા છે. ૬ તાલુકામાં ૧૮ વર્ષથી ઉપરના લોકોને રસીકરણ હેઠળ સંપૂર્ણપણે આવરી લેવાનું અભિયન શરૂ થયુ છે. દરેક રસીકરણ કેન્દ્ર ઉપર ૨૦૦ થી વધુના સ્લોટ ફાળવવામાં આવી રહ્યા છે.

માનો કે ન માનો પરંતુ કોરોનાની બીજી લહેરમાં યુવાઓના સર્વાધિક મોતથી કોરોનાનો ડર ગામે ગામ અને ઘેર..ઘેર જોવા મળી રહ્યો છે. બૃહદ સાબરકાંઠામાં પોશીના થી સાઠંબા સુધીના વિસ્તારમાં કોરોના રસીકરણ માટે સ્વયં જાગ્રતતા દેખાઈ રહી છે. આજે નહીં તો કાલે તેના સારા પરિણામ જોવા મળી રહેશે. જિલ્લા વહીવટી તંત્રની નિગરાની હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા કોરોના રસીકરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં ૪૫ થી ૫૯ વર્ષના ૧ લાખથી વધુ લોકોને રસીકરણથી સુરક્ષિત કરાયા છે. જ્યારે સરકારના આદેશ મુજબ ૧૮ વર્ષથી વધુ વયના લોકોને પણ કોરોના વેક્સિનેશન આપવાની ઝુંબેશ શરૂ થઈ. જેના કારણે ૬ તાલુકા અને તેના ગ્રામ્ય વિસ્તારોમાં વેક્સિનેશન કાર્યક્રમ દરરોજ જાહેર કરવામાં આવી રહ્યા છે જેમાં યુવાઓ રસીકરણનો લાભ લઈ રહ્યા છે.

### વરસાદના આરંભ સાથે પારાવાર ગંદકી

## મોડાસાના હંગામી ડેપોમાં વરસાદી પાણીનાં ખાબોચીયાંથી હાલાકી

### ખાડા પૂરવામાં ન આવતાં ઠેર ઠેર ખાબોચીયાં ભરાયાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૭ મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં વરસાદના આરંભ સાથે મુસાફરોની હાલાકીમાં વધારો થયો છે. એસ.ટી. ડેપોમાં ઠેર ઠેર વરસાદી પાણીનાં ખાબોચિયાં



ભરાતાં ગંદકી ફેલાઈ છે. કામચલાઉ ડેપોનો વહીવટ પણ જાણે કે કામચલાઉ રીતે ચાલતો હોય તેમ ચોમાસા પૂર્વે ખાડા પૂરવામાં ન આવતાં ઠેર ઠેર ખાબોચીયાંથી પાણીનો ભરાવો થયો છે.

મોડાસામાં કરોડોના ખર્ચે આઈકોનિક બસ પોર્ટનું કામ શરૂ થયું અને બસ મથકનો વહીવટ મેઘરજ રોડ ઉપરની સહકારી જીનમાં શરૂ કરવામાં આવ્યો ત્યારથી મુસાફરોને અનેકવિધ સમસ્યાઓનો સામનો કરવો પડે છે. અગાઉ શૌચાલયના શોષ કૂવા ઉભરાતાં પારાવાર દુર્ગંધથી મુસાફરો ત્રાહી..ત્રાહી પોકારી ગયા હતા. શૌચાલયના ઉભરાતા ગંદા પાણીનો કાયમી નિકાલ કરવામાં એસ.ટી.ના જવાબદારો સરેઆમ નિષ્ફળ નિવડ્યા છે ત્યાં હવે વરસાદના આરંભ સાથે ઠેર ઠેર ગંદકી ફેલાઈ છે. બસ ડેપોમાં ભયજનક ખાડાનું પુરણ કામ થયું નથી જેના કારણે વરસાદી પાણીનો ભરાવો થતાં મુસાફરોની હાલાકી ઘટવાને બદલે વધી છે. એસ.ટી. બસ પ્લેટફોર્મ ઉપર મૂકાય છે પરંતુ મુસાફરોને પાણી ભરેલાં ખાબોચીયાંમાંથી પસાર થવું પડતું હોવાથી ઘરેથી સ્વચ્છ વસ્ત્રો પહેરીને બહારગામ જતા મુસાફરો, નોકરીયાત વર્ગના પહેરેલાં વસ્ત્રો પણ ગંદા પાણીથી રંગાઈ જતાં હોય છે. ચોમાસા પૂર્વે સરકારના તમામ વિભાગોમાં પ્રિ-મોન્સૂન એક્શન પ્લાનની અમલવારી થઈ પરંતુ એસ.ટી. વિભાગ ચોમાસા પૂર્વેની કામગીરીમાંથી બાકાત હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. એસ.ટી.ના સત્તાધીશો ભયજનક ગાબડાંનું પુરણકામ નહીં કરાવે તો આગામી સમયમાં હંગામી એસ.ટી. ડેપો જલમગ્ન થઈ જાય તેવી આશંકા છે.

## પ્રાંતિજ ખાતે ઈ-નિર્માણ કાર્ડ અને યુ.વીન કાર્ડનુ કેમ્પ દ્વારા વિતરણ કરાયું

પ્રાંતિજ તા.૧૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ઈ-નિર્માણ કાર્ડ અને યુ.વીન કાર્ડનુ કેમ્પ દ્વારા લાભાર્થીઓને કાર્ડ આપી કાર્ડનો લાભ લે તે બાબતે માર્ગદર્શન પુરૂ પાડવામા આવ્યુ હતુ.

ગુજરાત સરકારના લેબર એન્ડ એડવર્ડ મેન્ટ ડીપાર્ટમેન્ટ અંતર્ગત બાંધકામ ક્ષેત્રે કામ કરતા કારીગરો માટે ઈ-નિર્માણ કાર્ડ અને અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે યુ.વીન કાર્ડ કોમન સર્વિસ સેન્ટર મારફતે આપવાની જાહેરાત કરવામા આવેલી છે જે અંતર્ગત પ્રાંતિજ ભોઈવાસ ખાતે આવેલ કોમ્યુનિટી હોલ ખાતે ઈ-નિર્માણ કાર્ડ અને યુ.વીન કાર્ડનુ કેમ્પ દ્વારા વિતરણ કરવામા આવ્યુ હતુ તો આ પ્રસંગે કેમ્પમાં લેબર કમિશનર ચાવડા, જિલ્લા પ્રોજેક્ટ મેનેજર સેજલબેન નાયી, CSC જિલ્લા કો.ઓનીનેટર ઉપેન્દ્રસિંહ ડાભી તથા માહિતી સંચાલિકા જિજ્ઞાબેન સોની તથા નગરપાલિકાના કોર્પોરેટરો રીટાબેન તથા વિપુલભાઈ ભોઈ ઉપસ્થિત રહ્યા હતા તો લેબર કમિશનર અધિકારી ચાવડા દ્વારા ઈ-નિર્માણ કાર્ડ અને યુ.વીન કાર્ડ વિષે વિસ્તૃત માહિતી આપવામા આવી હતી અને વધુમા વધુ લાભાર્થીઓ આ કાર્ડનો લાભ લે તે વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યુ હતુ અને તે વિષેની ચર્ચાઓ કરવામા આવી હતી અને ઉપસ્થિત અધિકારીઓના હસ્તે ઈ-નિર્માણ કાર્ડ અને યુ.વીન કાર્ડનુ વિતરણ પણ લાભાર્થીઓને કરવામા આવ્યુ હતુ.


## અશ્રુભીની શ્રદ્ધાંજલિ



અ.નિ. કૌશલેન્દ્રકુમાર ભરતભાઈ પટેલ
સ્વ. તા.૫-૬-૨૦૨૧, શનિવાર
બાયડ, જિ.અરવલ્લી

તમે એકપલમાં
જીંદગીભરનું સંભારણું
છોડીને ચાલ્યા ગયા,
જીંદગી હતી ટૂંકી છતાં
લાગણી ઘણી મૂકી
ગયા, જીવ્યા થોડું પણ
જીતી ઘણું ગયા,
હસીને હસાવનાર
બધાને રડાવી ગયા,
પ્રભુ આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે
એ જ પ્રાર્થના.

લિ.

જશુભાઈ ધનજીભાઈ પટેલ
જ્યોત્સનાબેન જશુભાઈ પટેલ
વિરેન્દ્રકુમાર જશુભાઈ પટેલ
મેઘાબેન વિરેન્દ્રકુમાર પટેલ
દેવાંગકુમાર જશુભાઈ પટેલ
પૂર્વિબેન દેવાંગકુમાર પટેલ
રાજવીર વિરેન્દ્રકુમાર પટેલ
દિત્યા દેવાંગકુમાર પટેલ

બાયડ, જિ. અરવલ્લી